પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૧૯ | ૧૯ ઓક્ટોબર, ૨૦૧૯, શનિવાર; આસો વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# રિલાયન્સની માર્કેટ મૂડી નવ ટ્રિલિયન

## રિલાયન્સ ૯ લાખ કરોડનું માર્કેટકેપ ધરાવતી દેશની પ્રથમ કંપની બની

### આરઆઇએલના શેરમાં ૧.૭ ટકાનો ઉછાળો આવતાં માર્કેટ કેપ ૯ લાખ કરોડને પાર

મુંબઈ, તા. ૧૮

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ આજે વધુ એક સફળતા હાંસલ કરી હતી. કારણ કે, કંપનીની માર્કેટ મૂડીએ હવે નવ ટ્રિલિયનના આંકડાને હાંસલ કરવામાં સફળતા મેળવી છે. કોઈપણ ભારતીય કંપનીની આ સૌથી મોટી સફળતા છે. સેશન દરમિયાન આજે શેરની કિંમત ૧૪૨૮ રૂપિયા બોલાઈ હતી. કંપનીના શેરની કિંમત આજે કારોબારના અંતે ૧૪૧૫.૩૦ રૂપિયા બોલાઈ હતી અને તેમાં ૧.૩૭ ટકાનો ઉછાળો રહ્યો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ મૂડી




આજે વધીને ૮૯૭૧૭૯.૪૭ કરોડ થઈ હતી. મુકેશ અંબાણીના નેતૃત્વમાં આજે તેની સપ્ટેમ્બર ત્રિમાસિક ગાળાના પરિણામ પણ જારી કર્યા હતા. જાણકાર નિષ્ણાતોનું કહેવું છે કે, રિલાયન્સની માર્કેટમૂડીમાં ઉલ્લેખનીય વધારો થઈ રહ્યું છે. બ્લુમબર્ગ પોલમાં જણાવવામાં આવ્યું છે કે, આરઆઈએલના નફામાં ઉલ્લેખનીય વધારો થઈ શકે છે. સપ્ટેમ્બર ૨૦૧૮ ત્રિમાસિક ગાળામાં આરઆઈએલમાં નેટ નફો ૯૫૧૬ કરોડનો રહ્યો હતો. બીજી બાજુ ક્રૂડની કિંમતમાં પણ સતત ઉથલપાથલની સ્થિતિ જોવા મળી રહી છે. રિલાયન્સના શેરમાં કંપનીઓનો રસ હંમેશાથી રહ્યો છે. તેને હેવીવેઈટ કંપની તરીકે જોવામાં આવે છે.

આગામી દિવસોમાં કંપનીના શેરમાં વધુ વધારો થઈ શકે છે. ઓઈલથી લઈને ટેલિકોમ સહિતના કારોબારમાં રિલાયન્સ જોડાયેલી રહી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીની માર્કેટ મૂડી હાલમાં સૌથી વધારે છે. બીજા સ્થાન પર ટીસીએસ રહી છે. માર્કેટ મૂડીની દ્રષ્ટિએ ટોપ ટેન કંપનીઓમાં રિલાયન્સ સૌથી આગળ છે.

## કરતારપુર જનારા ભારતીય શ્રદ્ધાળુ પાસેથી પાકિસ્તાન કર ન વસુલે : ભારત

ન્યુ દિલ્હી,તા.૧૮

ભારતે પાકિસ્તાનને કહ્યું છે કે તે કરતારપુર જનારા ભારતીય શ્રદ્ધાળુઓ પાસેથી પ્રતિ વ્યક્તિ ૨૦ ડોલરની સર્વિસ ફી લેવા પર ભાર ન આપે. સાથે જ આશાઓ વ્યક્ત કરી કે કરતારપુર કોરિડોરના પરિચાલન માટે બંને દેશો વચ્ચે જલ્દી જ સમજૂતી પર હસ્તાક્ષર થઈ જશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રવીશ કુમારે કહ્યું કે સર્વિસ ફીને છોડીને ભારત અને પાકિસ્તાન કોરિડોરના વિષય પર એક સમજૂતી પર પહોંચી ગયા છે. તેમણે કહ્યું કે, પાકિસ્તાન સાથે વિભિન્ન દોરની વાર્તા બાદ અમે અન્ય તમામ મુદાઓ પર એક સમજૂતી પર પહોંચી ગયા છે. પાકિસ્તાનમાં તમામ શ્રદ્ધાળુઓ પર ૨૦ ડોલર રુપિયાની સર્વિસ ફી લગાવવા પર જોર આપી રહ્યું છે.

## ચીનનો વિકાસ દર છેલ્લા ૨૭ વર્ષના સૌથી નીચલા સ્તરે

બીજિંગ,તા.૧૮

ચીન અને અમેરિકા વચ્ચે શરૂ થયેલા ટ્રેડ વોરની અસર ચીનના વિકાસ દર પર જોવા મળી છે. છેલ્લા ત્રણમાસના આંકડા પર નજર કરવામાં આવે તો ચીનનો વિકાસ દર છેલ્લા ૨૭ વર્ષમાં સૌથી નીચેના સ્તરે છે. શુક્રવારે જાહેર કરવામાં આવેલા આંકડા પ્રમાણે જુલાઈથી સપ્ટેમ્બર સુધીના સમયગાળા દરમ્યાન ચીનનો વિકાસ દર માત્ર ૬ ટકા નોંધવામાં આવ્યો છે. જ્યારે અપ્રિલ-જૂનમાં જીડીપીનો દર ૬.૨ ટકા હતો. ચીનના જીડીપી દરમાં સતત ઘટાડો થવાનું કારણ અમેરિકા સાથે શરૂ થયેલ ટ્રેડ વોર છે. જેથી ૧૯૯૨ બાદ ચીનનો વિકાસદર સૌથી ઓછો નોંધવામાં આવ્યો છે. ચીને આ મામલે જણાવ્યુ કે, છેલ્લા ત્રણ માસમાં ચીનની અર્થવ્યવસ્થામાં મંદી જોવા મળી રહી છે.

## સુન્ની વક્ફ સિવાય કોઈને પણ સમજૂતિ મંજુર નથી

નવી દિલ્હી, તા.૧૮

અયોધ્યા વિવાદ મામલામાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી પૂર્ણ થઈ ચુકી છે. કોર્ટે પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે. ૧૭મી નવેમ્બરથી પહેલા કોઈપણ સમયે કોર્ટ દ્વારા દેશના સૌથી જુના વિવાદમાં પોતાનો ચુકાદો આપવામાં આવી શકે છે. બીજી બાજુ મુસ્લિમ પક્ષકારોએ નિવેદન જારી કરીને કહ્યું છે કે, સુન્ની વક્ફ બોર્ડ સિવાય અમને કોઈને પણ સમજૂતિ મંજુર નથી. પક્ષકારોએ મધ્યસ્થતા પેનલની સામે થયેલી વાતોને જાણી જોઈને લીક કરવાના આક્ષેપો પણ કર્યા છે. મુસ્લિમ પક્ષકારોનું કહેવું છે કે, હજુ અમે સમજૂતિ માટે તૈયાર નથી. સુપ્રીમ કોર્ટમાં મામલો અંતિમ દોરમાં છે. સુન્ની વક્ફ બોર્ડ સિવાય અન્ય કોઈને પણ સમજૂતિ મંજુર નથી. મધ્યસ્થતા પેનલની સામે થયેલી સમજૂતિને જાણી જોઈને લીક કરવામાં આવી છે. મુસ્લિમ પક્ષકારો તરફથી છ

● અનુસંધાન પાન-૭ પર

## પીએમસી કાંડ સંદર્ભે વધુ એક ખાતા ધારકનું હાર્ટ એટેકથી મોત

### કૌભાંડના કારણે અત્યાર સુધીમાં ત્રણ ખાતાધારકોના મોત

નવીદિલ્હી, તા. ૧૮

પીએમસી બેંકમાં પૈસા ફસાઈ જવાના કારણે ચિંતિત વધુ એક ખાતા ધારકનું હાર્ટએટેકના કારણે આજે મોત થયું હતું. આની સાથે જ મોતનો આંકડો વધીને ત્રણ ઉપર પહોંચી ચુક્યો છે. આ પહેલા બે ખાતા ધારકોના મોત હાર્ટએટેકના કારણે થઈ ચુક્યા છે. પીએમસી બેંકમાં એક દશકથી ફાઈનાન્સિયલ છેતરપિંડીની પ્રવૃત્તિ ચાલી રહી હતી. એચડીઆઈએલે બેંકને ૪૩૫૫.૪૩ કરોડ રૂપિયાનો ચુનો લગાવ્યો છે. કૌભાંડના કારણે ભારે નાણાંકીય સંકટની સાથે સાથે આરબીઆઈના પ્રતિબંધનો સામનો કરી રહેલી પંજાબ એન્ડ મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ બેંકના વધુ એક ખાતા ધારક મુરલીધર ધારાનું આજે મોત થયું હતું. આ પહેલા બેંકના બે ખાતા ધારક સંજય ગુલાટી અને ફતેમલ પંજાબીનું પણ હાર્ટએટેકના કારણે મોત થયું હતું જે બેંકમાં જમા રહેલા પૈસાને લઈને ભારે ચિંતાતુર હતા.

● અનુસંધાન પાન-૭ પર

## સુપ્રીમના નવા મુખ્ય ન્યાયાધીશ પદ માટે એસ. એ. બોખડેની ભલામણ

### રંજન ગોગોઈએ આગામી મુખ્ય ન્યાયાધીશ માટે એસ.એ.બોબડેના નામની ભલામણ કરી : ગોગોઇ ૧૭ નવેમ્બરે નિવૃત્ત થશે

ન્યુ દિલ્હી,તા.૧૮

ભારતના મુખ્ય ન્યાયાધીસ રંજન ગોગોઈ આવતા મહિને નિવૃત્ત થઈ રહ્યાં છે. સુપ્રીમ કોર્ટના નવા મુખ્ય ન્યાયાધીસ માટે જસ્ટિસ રંજન ગોગોઈએ શરદ અરવિંદ બોબડેના નામની ભલામણ કરી છે. મુખ્ય ન્યાયાધીસ રંજન ગોગોઈએ આગામી ચીફ જસ્ટિસ માટે કેન્દ્ર સરકારને એક પત્ર લખ્યો છે.

વર્તમાન ચીફ જસ્ટિસ રંજન ગોગોઈ ૧૭ નવેમ્બરે નિવૃત્ત થઈ રહ્યાં છે. ન્યાયિક પ્રક્રિયા અનુંસાર વર્તમાન મુખ્ય ન્યાયાધીસ જ આગામી સીજેઆઈના નામની ભલામણ કરે છે. જસ્ટિસ બોબડે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે ૧૮મી નવેમ્બરના રોજ શપથ ગ્રહણ કરશે. જસ્ટિસ બોબડે ૪૭માં મુખ્ય ન્યાયાધીશ બનશે. જસ્ટિસ બોબડે ૨૩મી એપ્રિલ, ૨૦૨૧ સુધી મુખ્ય ન્યાયાધીશ રહેશે. જસ્ટિસ બોબડે સુપ્રીમ કોર્ટના જજ

● અનુસંધાન પાન-૭ પર

## અંસારીના પુત્રના આવાસથી હથિયારોનો જંગી જથ્થો જપ્ત

લખનૌ,તા. ૧૮

ઉત્તરપ્રદેશ પોલીસે બાહુબલી ધારાસભ્ય મુખ્તાર અંસારીના પુત્ર અબ્બાસ અંસારીના દિલ્હી સ્થિત ઘરમાંથી મોટા પાયે હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. તેમના આવાસ પરથી મોટા પાયે દારૂગોળાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ૧૨મી ઓક્ટોબરના દિવસથી અબ્બાસ અંસારીની સામે શસ્ત્ર લાયસન્સના મામલે છેતરપિંડીની એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. યુપી પોલીસે વ્યાપક દરોડા પાડતા ખળભળાટ મચી ગયો છે. અંસારીના દિલ્હી સ્થિત આવાસ પરથી હથિયારો મળતા તેની ચર્ચા ચાલી રહી છે. પોલીસ વધારે તપાસ કરી રહી છે. દરોડાની કાર્યવાહીમાં લખનૌ પોલીસની સાથે દિલ્હી પોલીસની ટીમ પણ સામેલ હતી. પોલીસે ગુરૂવારના દિવસે તમામ હથિયારોનો જથ્થો લઈને લખનૌ પહોંચી હતી. જે હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે તેમાં ઈટાલી, સ્લોવેલિયા અને ઓસ્ટ્રીયામાં બનેલવા હથિયારો સામેલ છે. આ હથિયારો ઉત્તરપ્રદેશ અને દિલ્હી બને જગ્યાએ ઉપયોગ કરવામાં આવી રહ્યા હતા.

## આઈએનએક્સ કેસમાં ચિદમ્બરમની અરજી સંદર્ભે સુપ્રીમમાં ચુકાદો અનામત

### ચિદમ્બરમની માત્ર ઉપસ્થિતિ જ સાક્ષીઓને ડરાવવા ધમકાવવા માટે પૂરતી હોવાની સીબીઆઈની રજૂઆત : જામીન ન આપવા માટેની ઉગ્ર માંગ

નવીદિલ્હી, તા. ૧૮

સુપ્રીમ કોર્ટે આજે દિલ્હી



હાઈકોર્ટના એવા આદેશની સામે દાખલ કરવામાં આવેલી અરજી ઉપર પોતાનો ચુકાદો અનામત રાખ્યો છે જેમાં પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમની જામીન અરજીને ફગાવી દેવામાં આવી છે. આઈએનએક્સ મિડિયા કેસમાં મની લોન્ડરિંગના આરોપમાં ધરપકડ કરવામાં આવેલા ચિદમ્બરમે જામીન રદ કરવાના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંક્યો હતો. બીજી બાજુ કોર્ટમાં સુનાવણી દરમિયાન સીબીઆઈએ પોતાની દલીલમાં કહ્યું હતું કે, ચિદમ્બરમની માત્ર ઉપસ્થિતિ જ સાક્ષીઓને ડરાવવા ધમકાવવા માટે પુરતી રહેલી છે. તેમને ઓછામાં ઓછા એ વખત સુધી જામીન મળવી જોઈએ નહીં જ્યાં સુધી મહત્વપૂર્ણ સાક્ષીઓની પુછપરછ પૂર્ણ કરવામાં ન આવે. સીબીઆઈએ કહ્યું હતું કે, આજે એવી સ્થિતિ રહેલી છે જ્યારે આર્થિક અપરાધોના આરોપી દેશમાંથી ભાગી રહ્યા છે. એક રાષ્ટ્ર તરીકે અમે આ સમસ્યાથી પરેશાન છીએ. સીબીઆઈએ કોર્ટમાં કહ્યું હતું કે, ભ્રષ્ટાચાર મામલાની તપાસ જારી છે અને સિંગાપુર તથા મોરિશિયસને મોકલવામાં આવેલા પત્ર પર જવાબનો ઈંતજાર કરવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, એક દિવસ પહેલા જ ગુરુવારના દિવસે દિલ્હીની કોર્ટે ચિદમ્બરમને ૨૪મી ઓક્ટોબર સુધી ઈડીની કસ્ટડીમાં મોકલી દીધા હતા.


દિપાવલીના તહેવારો માટે
ફ્રેશ ડ્રાયફ્રુટ, ફેન્સી ડ્રાયફ્રુટ બોક્ષ



અરિહંત ડ્રાયફ્રુટ્સ
રૂ. ૨૫૦ થી ૨૫૦૦ સુધીની ૫૦ કરતાં વધુ વેરાઈટીઝના બોક્ષ
C/O રૂષભ એન્ટરપ્રાઈઝ
સહજાનંદ કોમ્પલેક્ષ (બેઝમેન્ટ)
સેક્ટર-૩૦ ચાર રસ્તા,
નમસ્તે સર્કલ પાસે, સેક્ટર-૩૦,
અક્ષરધામ રોડ, ગાંધીનગર
હેમાંગ આર. ગાંધી 93777 23164 | આર. ડી. ગાંધી 99241 23164
ખાલી ડ્રાયફ્રુટ બોક્ષ હોલસેલ ભાવે છૂટકમાં ઉપલબ્ધ.

વિશાલ પંડ્યા (મો) ૯૮૨૪૦ ૫૯૬૩૫
કનૈયાલાલ પંડ્યા (મો) ૯૪૨૮૨ ૧૭૫૫૭
પ્રોડક્શન કંપનીના ભાવે
આકર્ષક લગ્ન કંકોત્રી
મેળવવાનું એક માત્ર સ્થળ
ૐકાર ગ્રાફીક્સ & ઝેરોક્ષ
બી-૬, બેઝમેન્ટ, શ્રીનાથ કોમ્પ્લેક્ષ,
૧૭/૨૨ બસ સ્ટેન્ડ પાસે, સેક્ટર - ૨૨, ગાંધીનગર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

R K VACATIONS PVT. LTD.
ગોવા 3N- 4D ₹13999
થાઈલેન્ડ 5N- 6D ₹27999
દુબઈ 5N- 6D ₹55999
સિંગાપોર મલેશિયા થાઈલેન્ડ 8N- 9D ₹79999
એર ટીકીટ, હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
+91 79 61 61 35 35
+91 79 40 40 35 35

